પુસ્તક ૧૨ મું.

"સંજાણની સરજત."

કર્તાના પુસ્તકો

મિનાક્ષી મકતાદ

મધુગીકા

ક્રિયાની કિતન

સગન સગીત

રેલ્વેકે ગેશની

દાદારનુ દાસ્તાન

આત્મિક ભક્તિ.

નગીનના નાઝ વાર્તા

હિંદના હાલ

આજદયની માનાગત

મોહન મહાલ વાર્તા

"હરમીસ."

"સંજાણની સરજત."

રચનાર—"હરમીસ."

"મિનોઈ મજાહુ"—મધુરિકા—"ક્રિયાની કિર્તન," "સગન સંગીત,"
"રેહબરે રોશની," "દાદારનું દાસ્તાન," "ભાવિક ભક્તિ,"
"નસીબનો નાઝ યાને તકદીરનો તલેસમ" "હીંદના દાદા,"
"માજદયસ્ની મોનાજાત તથા મોહન મહાલ"ના કર્તા.

"ડૉન" ફોટોગ્રાફીક સ્ટુડયોના આર્ટીસ્ટ.
ગોવાલ્યા તલાવ, મુંબઈ.

આ પુસ્તક "નવરંગ પ્રીન્ટીંગ પ્રેસ" મુંબઈ, નં. ૭૫, બજારગેટ સ્ટ્રીટમાં મી૦ અરદેશર ખરશેદજી દેશાઇએ છાપ્યું છે, અને મી૦ હોરમસજી સોરાબજી મીસ્રીએ દીસોઝ બીલડીંગ, ગોવાલ્યા તલાવ, મુંબઈ મધે પોતાને માટે પ્રગટ કીધું છે.

અર્પણ પત્રિકા.

બાળ વયથી શિક્ષણપર તિક્ષણ ઝેન ધરાવનાર
યુવાન વયે, પ્રમાણીકપતથી **સત** જાળવનાર
યોગની હરોળમાં મંગનો રંગ અને **હોંશ** રાખનાર
ધર્મના નામ ઉપર જીગરના તેજને **જેબ** આપનાર
પારકા સંકટને, ખંત અને ખેરખ્વાહીથી **તેરવનાર અને તાળનાર**
પારકાનું ભલુ, અને દુખને નિવારણ કરનાર
ભલા, ભોલા, **ધાર્મીક**, માર્મીક અને દયાળુ

એષો નર.

મરહુમ શેઠ નવરોજી ફરામજી તંબોલીને
આ "સંજાણની સરજત."
અતિ માન, હેત પ્રિત અને હિત સાથે
અર્પણ કરૂં છું, તે **અર્પણ પત્રિકા**
તે આપો **નુર**, મિનોઇમાં કબુલ રાખશે.

કર્તા 'હરમીસ.'

નવસારી નગરીના
મરહુમ શેઠ નવરોજજી ફરાંમજી તંબોલીની
જીંદગીનો ટુંક ખ્યાલ.

નવસારીના મલેસર ખાતાના પારસી જરથોસ્તીઓમાં, કેટલાક અતિ નામિચા ખાનદાનીઓએ પારસી કોમની કિર્તિને જેપ અને ઉજવલ, કરનારા સંપૂતો પુરા પાડયા છે; તે માહેલાં, એક માનવંત તંબોલી ખાન્દાનના, સ્વર્ગસ્થ નબીરા, શેઠ નવરોજજી ફરાંમજી તંબોલી, હતાં, કે જેમના પવિત્ર આત્માને આ પુસ્તક અતિ માન સહીત અર્પણ કરવામાં આવ્યું છે. તેઓ શેઠ મલેસર તંબોલી મહોલ્લામાં યઝદેઝરદી શને ૧૨૩૦ ના અનેરાન રોઝે અને આદર માસમાં (તા. ૨૦ જુન ૧૮૬૧ ગુરૂવારે જન્મ્યા હતા. શરૂઆતથી દેશી માસ્તરોથી કેળવણી લઇ, માધ્યમિક કેળવણી નવસારીની સર કા. જે. મદ્રેસામાં લઇ, પોતાની પ્રવિણતા અને પ્રમાણિકતાની સારી છાપ શિક્ષક વર્ગ અને સાથીદાર શિષ્ય વર્ગ પર પાડી હતી. બચપણથીજ ગણીત શાસ્ત્ર તરફ અપૂર્વ પ્રેમ હોવાથી, એક ફત્તેહમંદ વેપારી તરિકે મરહુમે પોતાનું જીવન, ઘડારૂપ બનાવ્યું હતું. ચીન દેશની વેપાર અર્થે મુલાકાત લઇ, લગભગ બે વર્ષો ત્યાં ગાળયા હતા. તાતા કંપનીના નવસારી ખાતેના રૂ તથા જીનિંગ ફેકટરીના એક એજંટ તરીકે મરહુમ સાહસિક શેઠ જમશેદજી તાતાની ખાસ પસંદગી પામી, તે એજન્સી, અપાવી તેમના વારસો માટે મુકી ગયા છે. કે જે એક પ્રમાણક વેપારીની અચુક પ્રમાણીકતાનું જીવતું દ્રસ્ય છે. જેવી રીતે બાહોશીભરી કુનેહથી દ્રવ્ય સંપાદન કરી શકવાને સમર્થ હતા, તેવીજ રીતે તે સકમાઇના પૈસાનો, પરોપકારના કાર્યોમાં ઉપયોગ કરવામાં પણ અતિ ઉદાર હતા. ૧૯૫૬ નો ભયંકર દુષ્કાળ પ્રજાજનોમાં અતિ ઘોર આફત વરસાવી રહ્યો હતો, તે વેળા મરહુમ શેઠે પોતાની સકમાઇના નાણાંનો, તેમજ પોતાના બ્હોળા લાગવગથી અનેક તેવી પરોપકારી મદદ મેળવી તેનો ગરીબ-પ્રજાજનોમાં બ્હોળે હાથે ઉપયોગ કર્યો હતો, અને સ્વાભાવિક રીતે તેથી અનેક કિમતી મનુષ્ય પ્રાણીઓને મોતના ડાચામાંથી ઉગારવાને ભાગ્યશાળી થયા હતા જે ખરેજ એમની ધર્મભકિતની શકિતની પિછાણ થઇ. પારસીઓ માટે સસ્તા અનાજની દુકાન પણ કઢાવી હતી. અને પારસી સંકટ નિવારણ ફંડ સ્થાપી, તેનો સઘળો લાભ પ્લેગના પારસી બીમારોને આપતો કર્યો હતો પ્લેગના વખતે પારસી ફીવર હોસ્પીટલ

અને સૅગ્રીગેશન કેમ્પસ એ વખત નંખાવી હતી. કે જે ફંડ અદ્યાપી પણ તેમના દાનાવ વારસ શેઠ શેરાબજીની દેખરેખ હેઠળ નીભે છે. કિર્તિમાન જીંદગીનું જેટલું વર્ણન કરીએ તેટલું ઓછું છે. છતાં અમે એટલું તો કેહેવાને હિમ્મત કરીશું કે, મરહુમ શેઠ નવરોજીએ જે કાંઈ પરોપકાર્યે કરી બતાવ્યું છે, તે તેમના પવિત્ર આત્માને શાન્તી પમાડવા માટે પુરતું હતું. એક માણસને જે કાંઈ જોઈએ છે, તે એજ કે, પોતાના આત્માને આત્મિક ઉમંગનો સંતોષ મળે, એવા પર કલ્યાણના કામો તેના હાથથી થવા પામે! મરહુમ આજ ઘણા વર્ષથી યાને રોજ ૩૦ મો અનેરામ, માહ ૩ જો ખોરદાદ અપસાસપંદ સને ૧૨૭૯ ય. જ ના રોજથી આપણી સાથનો સંબંધ છોડી જો કે મિનોઈમાં ચાલ્યા ગયા છે, તો એ તેમની ભલી યાદ-આપનારાં અનેક સુકાર્યો હજી હયાત હોવાથી તેઓ આપણા વચ્ચે હમેશ હાજરજ છે. છેવટે તેમના જેવા જનસમાજને ઉપયોગી થવાય, એવી દુવા ગુજારી આપણે અત્રેજ વીરમીશું! ધર્મના ભણતરના ભેદોને વહેવાર કાર્યથી દિપાયમાન કરવાનો આત્મિક ઉંચો ધરમ, અને ભકિત એમનામા ભાવિક રીતે સમાઈ હતી, જેનો વહેવાર લાભ આપવા, પોતાના જીવનમા કેવા તતપર હતા, એજ એમના રૂહને સદાની શાન્તિમા, તે પાક અહુરા મઝદા હમેશ સાચવશે-એજ ચાહતું આમીન!

ભુજંગી છંદ.

સદા જે નમીને ભરે છે બધાંને
સદા તે સુખી છે ખરે એજ ભાને
કલામો ખરે દીનના છેજ એવાં
તમો રંકની પાસ જાશોજ દેવાં
ખરી દીનની જે તવાન્તે નિભાવો
તમે આરજૂમંદને રે રિઝાવો
ખરે પાક અહુરા ખુશી તેમ થાશે
વળી સૌ જગે તું જ કીર્તિજ ગાશે.

કીર્તિ જો મેળવી છે તો, કિરતારની કરામત ઉપર ધ્યાર કીધી છે. માન જો મેળવ્યું છે, તો માજદીયસ્ની મહજબ ઉપર મનન કર્યું છે, માટે ગાઈશું કે એવાં અષો નરનારીઓ બહેસ્તની બુલંદી પામે! આમીન.

પ્રથમ પ્રકાશ

આતષ મ્હારો હોંશ-મ્હારો જોશ-મ્હારો દોસ્ત!

પાક મઝદાની બુલંદ પેદાયશોમા, આતષ સર્વેથી મહાન પેદાયશ છે, એમા કશો પણ શક નથી. પાક માજદીયસ્નીની ધરમમા અહુરા મઝદાને જોવાની, તથા પિછાણવાની ઉત્તમ ખ્યાલત આપી છે, તે આ મહાન અને બુલંદ આતષ માહેથી મળશે. જયારે આ પુસ્તક પ્રચાર કરવાનો ઉમંગ મને ધાઈ આવ્યો છે, ત્યારે તેની રચના માટે, સંજાણમાં જે બુલંદ નિશાણ માટે આપણા બાપદાદાઓએ યાદી જાળવી હતી, જે આ આતષમાતરની હતી, તે માટે છે તવારિખલખનારાઓ સાથે, આ કલમને તકરાર નથી, કારણકે તે માટે અભિયાસ નથી, પણ ત્યાં યાને સંજાણમા આતષ પરથાવવામાં આવ્યો હતો, તેટલાજ માટે ત્યાની ખુબી ગાવા, અને હાલના દીનદાર પારસી જરથોસતીઓના ધર્મ ઝેનથી ઝઝરતા જીગર માટે તે યાદી જાળવવા ફીકરેજ, આ ચોપડીમાં આરંભ કરવા માંડયો, જે પાક પરવરે પાર પાડયો છે, અને પારસી, ધરમ ઝેન માટે તજપટી મહારી પારસી કોમ સનમુખ માન સાથ ધર્યો છે.

સંજાણમા બનેલી બિનાનો, જે ઝલકતો ભાગ તે વખતની પારસી ટાળીએ બજવ્યો હતો, તેનો ટુંક ચિતાર મોનાજતમાં મઢયો છે તથા, સંગીતમાં સજ કરયો છે. જે માટે તેનુ નોટેશન પણ આપવામાં આવ્યું છે. તે વખતના પારસી જરથોસ્તીઓએ પોતાનું શુરાતણ દેખાડી આપ્યું હતું, તેની કીર્તિ કેવી રીતે જણાઇ હતી, જે માટે આજે આપણા હાલના સઘળા જરથોસ્તીઓ મગરૂરી લઇ શકયે, તેનુ વર્ણન હયાં સમાવ્યું છે. મોટી મગરૂબી તો એ લેવાઈ શકાય, કે આતષને બચાવવા, પોતાનો જાનમાલ બિશાદમા ન ધર્યો, બચ્ચા બાલાનો ખ્યાલ આતષ જાળવવા ફીકરે કમતર ગણ્યો. તે ઝળકાત નુરને માટે હજારો હાદેસા અને દલદેસરી ખમી સરપર કષ્ટો ખેંચ્યા. આજે પણ તેજ બુલંદ આતષ માટેની જરથોસ્તી જાનફેશાની ચાલુજ છે અને રહેશે તોપણ લખાવાને હોંશ થાય છે, કે જે હાડમારી અને કોમમા ગરીબાઇ બરપાં થઈ છે, તેનુ મુળ ઉખેદવા ખુદ આતષ તરફ વધારે ભકિતભાવ જોઇએ, આતષ માટે પરસતીશ, તેની જાલવણીની વધુ ખંત અને રંજ જોઇએ. બામદાદને વખતે તે પવિત્ર આતષને રોશન કરી, ધુંપદાનપર વધુ જોશ હોંશથી લાવજો. વળી જયારે કેટલાકો જરના જોશથી, અમે એટલા પૈસાનું સુખડ બાળી ઝેનમા વધારો દેખાડે છે, ત્યારે તેજ ઝેન વાળાઓ, માહેલાં કેટલાકો

પોતાનું કામ આથીજ પુરૂ થયલુ સમજે છે, પણ મનુષ્ય અવતારમાં જીવ, તે પણ એક બુલંદ અને જોશાવંત આતષ છે, તો તેવો આતષ ધરાવવા ગરીબ જરથોસ્તી કેવી મહેતાજીમાં, કેવી દલડસરીમા પોતાના જોશ, યાને આત્મિક આતષને કેવી વેદના છતાં પણ પાલે છે. હમદીન ભાઇઓ, બહેનો, તમો તમારા ગરીબ ભાઈબંધોની પડખે આવો, અજ્ઞાન ભાઇબંધોને જ્ઞાન આપવા મદદે ધાવો, મદદે ધાવો તે એમ દેખાડીને કે તે ગરીબોને તમો ખરેજ પુન્દાન કરવા જાવો છો, ના તેમની પડખે, એવી રીતે જાવો કે તેઓ તમારા ખરા, ભાઇબંધો છે, અને તેઓની દલદેસરી ટાળીને, તેઓના જીગરમાં, તેઓની તંગીદુર કરી, હોશવંત રસનો વધારો કરો, કે જેથી તેઓના વ્હાલા જીગરનો આતષ પજરતો રહે, તેથી તમારા આતષ બહેરામ સાહેબનો બુલંદ આતષપણ ખુબીમાં ખુશાલ રહે.

તમે માંચી ચઢાવો, ગમે એટલી ચઢાવો, તમે ભણતર કરો યા કરાવો, ગમે એટલું કરાવો, પણ યાદ રાખજો પ્રિય દીનદારો કે તમારા ગરીબ જરથોસ્તી પારસી ભાઇબંધોનીપડખે જવાનું દુર રાખો, તો તમારી સઘળી ભકિત તેની પુરી શકિત મેલવવા અશકત રહેશે. આતષની મહાનતામાં વધારો કરવાનો મુળ હેતુ તે છે કે, તમારા દિનદાર ગરીબોની હાજતો ટાળવામાં પ્રથમ કામે લાગશો. ગમે એટલુ ભણતર રદ છે, કયારે કે જ્યારે એક અવલો બોલ પણ કોઇની પીઠ ઉપર બોલ્યા હોવ ! હા, ખેડતો થતો હશે પણ ક્રોધ લાવવો નહિ. ક્રોધ ક્રોધથી મટાડી શકાશે નહિ. ક્રોધ પ્યારથી હઠાવી શકાય એમ છે. ગમે એવું તેજ હોય ગમે એવી ચાલાકી હોય, પણ સંજોગ કોઈના સારા ન હોય તેથી વધુ ચાલાકી કદાપી ન વખણાય પણ જો તક મળે તો સારા માણસથી તેવા જીવોને હોશ આપ ! અને નહી કે તુંજ સર્વોતમ છે, એમ બોહોશ ના કર બુલંદ આતષ ઉપર સુખડ અને ખુશબો બાળવી એનો લક્ષણરૂપ નિશાણ એજ કહેવાય, કે ગરીબ ભાઇબંધોને સુખ સગવડ આપી, તેમના જીગરને રાહનો જોશ આપવાની ત્હારી કોશીશ, ભારે માંચી ચઢાવવા જેવીજ અમર કરતાં અટકશે નહી, તે તું કર કયામત સુખ ત્હારૂ છે, આતષ ત્હારો પાસબાન થશે અને મિનોઇમા, ત્હારી મદદાર થશે. તું આતષને ફકત સઘળુ કરે, એને તેથી તું એમ માને, કે બીજી હઝારો ફરજ કરતા ભુલ્યો, તેથી તેમ કરવામા તને મારી છે, અને આયંદે સુખ છે, એમ સમજી અત્યાર સુધી ફોકટમાં મનમા મલકાયો હોય તો, તે મળકાટ, તારા ચાલા છે, તેની અસરમા ત્હારા વિચારો નકામા અને કાળા છે.

જીગરમાંથી કપટ, કિનો હિર્ષ અદેખાઈ દુર કર અને પછી આતષની પરસતીશ કર, તને ખરો મહાન સુખનો સાથ મળશે, જેમા તું શાન્તિ જ્ઞાની ડહાપણ અને મનસુખાકારી મેલવશે. આતષ હોશ તેમા કહેવાય, કે તું ખાયે નહીં અને બીજાને ખવાડે, આતષને ઝેન કહેવાય, કે બીજાને ભુડું લાગે તેવુ બોલતા, તું બીજાને અટકાવે. આતષ તરફની ત્હારી ભકિત ત્યારે રૂડી કહેવાય, કે નાતવાનને કુવત આપવાની તક હાથ ધરે, અજ્ઞાનતાને જ્ઞાન આપવાના માર્ગો દેખાડે, ગરીબને લુટનારાઓને બાજુ બાથ પહોંચી વળે તોજ આતષની બુલંદીમા દિનની કોમની બહેતરીનો દાવ, પુરો કરશે, એમ સત્ય માનજે

જ્યારે આ લખાયું છે, તે આગમજ કંઇકો ગુજર પામ્યા છે, કંઇકો ચાલુ ગુજરતા રહે છે, અને હવે પછી કઇક સાથે મ્હને ગુજરવાનું છે, પણ ગુજરવાની પાછળ જે પમડાત મેલી જવાનો છે. તે બીજાના જાનને સુખ કર્યુ છે, તેથી પજરતી ખુશાલી, તેજ ત્હારો પમડતો આતષ તહારા મિનોઇ માર્ગ ઉપર તહારી આગમજ તહારી ભલી ખુરેહ માટે આવકાર આપવા પ્રથમ ઉભોજ જાણુ ! કારણ કે તું એ જેમ બુલંદ આતષ ઉપર ખુશબો બાલી છે, તેમ પજરતાં જળતાં છગર યાને જાન યાને આ આત્મિક આતષ ને તે દુખથી ટાળી દેવાનુ ભાન રાખ્યું છે. અરદીબેસ્ત અમસાસપંદ એથી જરૂરજ ખુશાલ થાય, કારણકે મિનોઇ જહાનથી પાછા ફરતા, માર્ગમા અહરદી બેહસ્ત અમસાનપંદ પાક સ્પિતમાં જરથુસ્રને કહયુ હતું, કે આતષને જાળવજો આ બાબદ રહેબરે રોશનીમાં પાને ૨૨ મે વધુ ખુલાશાથી સમજાવી છે. આતષને યાને આત્મિક આતષને યાને ગરીબનો મદદગાર થવાનો ખ્યાલ ત્રીજા તબકકે રહેલાજ મનુષ્યને આવશે યાને જે મનુષ્ય સ્વાર્થી હોય, તે આતષને પોતાનીજ મતલબે માને, પોતાનુ સારૂ થવાજ ક્રિયાનો માર્ગ જાણે. બીજે તબકકે રહેલો ઇનશાન એક પગલુ આગળ વધી ઘડીભર મદદ કરશે ઘડીભર ન કરશે. જ્યારે આત્મિક હોશથી ભરેલો જીવ હમેશ આતષને પજરતો રાખવાજ તૈયાર રહે છે-પારકાનુ ભલુંજ કરવા સદા મથન કરતો રહેશે.

આતષ તરફની શ્રેષ્ટ ભકિત, અને તે સાથે હમદીનો તરફ અતિ પ્રેમભાવ ધરાવતી શકિત ત્હારા character યાને ચાતુર્ય સ્થાપના કરશે. એવી પ્રતિષ્ટા જયારે પારશી કોમમાં ચાલુ થશે કે હમદીનો તરફજ એક એકને ઉંચ થાને જોવા ઉમેદ રહેશે. જયાં સુધી આખા યંત્રનો કોઈપણ ભાગ બિગડેલો છે, ત્યાં સુધી યંત્રની સલા મતી નથી. ગમે તેવું કોમમા ધનાઢય હોય તે સાથે કમનસિબ ભાગ પણ ન હોવો જોઇએ ! દરેકને માન પુરવક વધવાની હોશ હોય છે, પણ તે હોંશ હવામાં પળતી નથી, સાધણની જરૂર હોય છે. આજે પઈસાના જોરે, જ્ઞાની જ્ઞાનીઓને દબરાવવા માંગે છે, પણ ગરીબ જ્ઞાનીઓ આત્મિક હોશની તલબમાંજ રહેલા હોવાથી બેદેહેસ્ત આગળજ વધશે.

મહારી અદના કલમનુ આ બારમુ પુસ્તક છે. અને હરેક પુસ્તક વેળા મહારા મિત્રોથી મલેલા સુધારા ઉપર ધ્યાન આપી આગળ વધવાજ વિચાર રાખ્યો છે. આ પુસ્તક પ્રચાર કરાવવાની મહારી ઉમેદમાં તે પાક આતષની યાદી આપી જોશમાં વધારો જોવાનો ઉમંગ આદર રાખ્યો છે, તથા તે પવિત્ર આતષની સિફતમાં આ સાથનું સંગીત, આત્મિક આસના આતષમાં કાંઈ વધારોજ કરશે.

ઝીંઝોટી—મહારા અહુરાની યાદી-એ તર્જ.

ધર પ્રીતી ખરે-(ભાઇ), એ આસની
એ આસની—એ સાંસની-પર
ઉભો નમને ભકિત કરે—ખરી બુલંદી-શકિત ભરે

ખુરેહ ખરી આતષ પાસની=ધર-
જેની રૂઝાલે કેવી મલાલો—ભર્યો આનંદ રંગ રૂપાલો=ખુરેહ ખરી

પુંજન કરશો, શું એકબાલ છે—હૈડાંનો હરખ ખરે ખુશહાલ છે=ખુરેહ
જેની રઝાલો રે, ખરેજ લાલ છે—ખરે મહજબી મિનો દલાલ છે=ખુરેહ
જેની બુલંદી આસ ચોપાસ છે—અહુરાની તેમાં આસ અને સાંસ છે=ખુરેહ

મોહન મહાલને પ્રગટ થવાની બીના હજુ પ્રચાર થાય છે, તેટલા આ પુસ્તક બહાર પાડવા, પાક અહુરાએ મને ઉમંગ આપ્યો છે, તે પણ પવિત્ર આતશની મહારી ઉપરની બરકતને આધારેજ માનુ છે. ખુદ આતશ માટેજ થોડા વધુ માસમા Fire! my Life નું નામનું લખાયલુ પુસ્તક બહાર પાડવાનો હોશ છે. ફરી એકવાર, મહારા કદરસનાંસ વાંચનારનો હઝારો દુવાથી ઉદગાર કાઢી આભાર માન્ય કરૂં છું—પાક અહુરા સર્વેને સુખી રાખો. બ્રિટનની જયનો ઝુન્ડો ઝળકતો ઉડતો રહે અને પારસી માઝદીયસની જરથોસ્તી કોમ ઉપર સદા તે કાયમ દાયમ રહી ધમકતી ધજામાં ધપકતો રહો! એજ આમીન.

આ "સંજાણની સરજત" અઠવાડિક "કયસરે-હિન્દ"માં કાંઇક વધારા અને નોટેશન રહીત છપાઈ ગઈ છે. હવે પછીનું જે પુસ્તક છપાશે, તે,

"આત્મિક આસ" તથા "સ્વપ્નાની સુંદરી."

બહાર પડશે, તેટલાં સર્વેના આભાર, તે પાક દાદાર સામે માનું છું—એજ

તાબેદાર કર્તા "**હરમીસ.**"

"સંજાણની સરજત."

પ્રથમ બોલ.

પ્રિય દીનદારો! પ્રિય માજદીયસ્નીની મહજમના મહત્વમાં મસ્ત થયેલાં માજદીયસ્નીની હમદીનો, આજે તે વખત છે, કે જે વખતે આપણી "દિન"ના ન્યાગાનોની ખુબી ગાવી. આજે તે વખત છે, કે, દીનને સાચવનારા મ્હાબળ રક્ષકોની યાદી ગાવી. આજે તે વખત છે, કે જેઓ ધર્મના સુકાનને, અનેક કષ્ટ, અનેક વેદના અને અનેક હાદેસાઓ ખમીને ઉસ્તવાર મેલી ગયા, તેઓની કીર્તિ ગાવી, તેઓના નામની હિતથી ભક્તિ ધરવી, આજે તે વખત છે કે, તેઓથી પોતાની પાછળ મેલી જવામાં આવેલી, ધર્મની મોતેબરીની દોરીને, મકકમ ધરી રાખી, આપણી પાછળ આવતાં, આપણા દિનદાર પારસી માજદીયસ્નીની ટોળીના બચ્ચાંઓ માટે સાચવવી! એવી પુરાણી ચીજો, બાબદોની અકસર કરી, યાદી રાખવી, એ આપણા ચાલુ જમાનાના દિનદારોની ફરજ છે. જ્યારે ખંડીયરો, જુના દસ્તાવેજો, દરેક બાબદના જુની વસ્તુંના સંગ્રહ કરવા, ઘણાક મથ્યા છે, ત્યારે આપણા જેવી, હુન્નરની હરોળમાં, ધીરજના ધોધમાં, સખાવતની સેવામા, મયા દયા દેખાડવાની મૌજમાં, રહેલી પારસી કોમ, શા માટે કોમના કાંઠાને, દીનના ડુંગરને, યકીનના અએવાનને, ટકાવી રાખવા, પાછળ રહે? તેવી અનેક જાતની સેવાઓમા, એક સેવા, નહી, તેથી પણ આળા આપણી ગરજ, નહી, તેથી પણ વધુ, આપણી ફરજ છે, કે સંજાણમાં થઈ રહેલા બનાવો યાદગાર આકારમાં, યાદગાર શબ્દોમાં, યાદગાર જોશ અને જબાનીમાં સંગ્રહ કરવા જેઓ તે માટેની નામનાને ચાલુ રાખવાની જહેમત, અને ખત રાખશે, તે માટે, તે યાદી, વારસામા આપી જનારાં આપણા બાપદાદાઓના રૂહ, બહેસ્તમાં બુલંદી બાંધશે—અને બદલામાં આપણી પેઢીના બચ્ચાંઓ પણ, આપણને તેવીજ દુવા ચાહશે. કે "ધર્મને ધીકાવવા ધર્મીઓની ધજા" પારસી માજદીયસ્ની કોમમાં ફિડતી કરવા પણ વીરો હતા. તેવી એક યાદીની સીફત રૂપી સેફાયત, મ્હારી હમદીન કોમની સેવામાં ધરતાં, સઘળી ભલી દુવા અને નમન સાથ, પાક અહુરાથી ફતેહ ચાહુ છું, અને તે પાક અહુરા આ અદના કલમને સફેદ સફાઓના શેત્ર પર, સરલ લખવા સહાયતા દે, એ આશિષ ચાહુછું.

દુન્યાના દરેકે દરેક ભાગના ખુણે ખુણાના, ઓ રક્ષક પિતા અહુરમજદ તું સિવાય સઘળું ખાક છે, ત્હારી હાજરી રજેરજમાં પ્રસરી રહી છે–ખુરશેદ ઈઝદ, નદી, અને નાળાં, પાહાડો અને ઝાડો–પાણી અને અગ્નિ, વાયુ અને પ્રાણ આપી, અમોને અનહદ સુખમાં સાચવ્યા છે–ત્હારીજ બક્ષેસથી દમમાં દમ લઈ શકયે છીયે. ત્હારીજ બક્ષેસથી, અમે, તેમજ સઘળાં જીવ અને જંતો, મંતો યોગી અને ભોગીઓ, રાજા, અને રંકરાય, ટુંકમા સઘળી ગેતિ હળી મળી રહી છે. તું અમોને સહાય થા! જેવી રીતે અમારા ન્યાગાનો, ધર્મ માટે કષ્ટ ખમી સુખ માની ગયા, તેવીજ રીતે, અમોને પણ શુર આપ! શુર આપ ઓ પિતા અહુરા કે "અમારી નબળી સબળી થાય! સુખ આપ ઓ પિતા કે અમારી આળશ નિકળી ઉંચ હિમ્મતની કિમ્મતનો કસ અમારા તનમાં વધે? સુખ આપ ઓ અહુરા કે અમારા વડીલોની કીર્તિનો ઝુન્ડો, પાછો અને પાછો બ્રિટિષ ન્યાય અને ઇનસાફની હદમાં, સચ્ચાઇથી, ઇમાનથી, ધર્મ ઝેનથી, હળાવતો કરીયે? શુરૂ આપો ઓ બાપ! કે ત્હારા નિમાયલા મ્હા ગુરૂ સ્પીતામાં જરથુસ્ત્રને, અમારી રગેરગમાં, જોશથી વ્યાપતો સાંભળ્યે! સુખ આપ ઓ પિતા અહુરા કે" અમો સંપ અને સલાહથી નિર્મળ મૌજ અને મયા સાથ માનથી, અમારી કોમ માટે દાઝ ધરીયે!–અને તેમ કરતાં. સંજાણ–કે જ્યાં સચ્ચાઇથી નિભાવેલા ધર્મના ધામના શિખરને અમો સર્વ જરથોસ્તીઓ, ઉભેલો જોઇએ. કે જ્યાં એકવાર " **બુલંદ બળનો, આતષ બળતો હતો** કે જ્યાં, જરથોસ્તી ટોલાના, ઈરાનથી ચાલી આવેલા પારસી બચ્ચાંઓ, ખડે પગે તે, **બુલંદ ધર્મના બુલંદ આતષની પરસતેશ કરી અહુરાની દાદ ચાહતા હતા.** ગાવો, ઓ બીરાદરો, તે કીર્તિને કે તેજસ્વી ખુરશેદ ઇઝદના, કિરણો, તે વખતના પારસી વડવાઓના માથેના મુંઘટ પર પ્રકાશતા હતાં, તેમ પ્રકાશિત થાય! સંજાણની યાદને સજીવણ કરવા હઝારો જહેમત બીસાદમાં નહી ધરવી! હઝારો લીટીના લખાણો બસ થાય એમ ન કહેવું જોઇએ. તેજ "સંજાણની" હસ્તી આજ સુધી છે, અને જુગ જુગ રહે! તેનો કિસ્સો કરવામાં આ અદના કલમ, પોતાની શક્તિનો અદના ફાળો, આપી, સર્વ માટે ધરે છે, બોલે છે, અને ગાએ છે.

પ્રથમ પ્રસતાર—માટે બંદગી. શુધ્ધ કલ્યાણ—પદ ત્રીતાલ.

ચિત્ત રોકો, "અહુરા" બાને—
તેને નામે, તેને કામે, તેને કામે આજ, ગાવો
તેનો નાઝ—(થાય) તેનો વાજ—(લેજો) તેનો સાજ સુખ કાજ=

મૌજ માનો અહુસા માહે તેથી થાય—સુખો પાય—દુખો જાય હાલ.
થાય શુદ્ધી ચાલ—(થાય) રૂડી ફાલ (પાય) માલમલાલ નેકસાલ=
સૌ, દીને યકીન ભરશો ! તેમાં હરશો—તેમાં ફરશો—તેમાં તરશોરે !
જાય દુખનો ભાર—રહે સુખનો સાર—ઘર ઘરમા—વારવાર=
"વંશ વેલા"ની કીર્તિ ગાવો—યાદી ધરવા સૌ સૌ ધાવો,
હિતે પ્રિતે સેવા ગાવો—"યંજદા" કરશે પાર=ચિત્ત.

ચિત્ત રો × કો × અ હુ રા × ભા × ને × × × × ×
પ × ગ × પ × ગ પ ધ × પ ધ સા × × × × ×

તે × ને × ના × મે × તે × ને × કા × મે ×
સા ર રે × સા ધ પ × પ ધ ધ × પ ગ મ ×

તે × ને × હા × મે × આ × × × × જ ગા વ
ગ પ પ × ગ રે સા × રે × × × ર × સા સા

તે × નો × ના × × જ તે × નો × વા × × જ
ગ × ગ રે સા × × સા પ × પ ગ ગ × × ×

તે × નો × સા જ સુ ખ કા × × × × જ ચી ત્ત
ધ × ધ પ ગ × રે ગ સા × × × સા × પ ×

અંતરો.

વં × શ વે લા × ની × કી × ર્તિ × ગા × વો ×
ગ × ગ ગ પ × ધ પ સા × સા × સા × સા ×

યા × દી × ધ ર વા × સૌ × સૌ × ધા × વો ×
ધ × ધ × સા સા ર × સા × સા ની ધ × પ ×

હી × તે × પ્રિ × તે × સે × વા × ગા × વો ×
સા × ર × ગ × પં × ગ × ગ ર સા × સા ×

ય જ દાં × ક ર શે × પા × × × × ર ચી ત
સા સા સા × સા સા સા ની ધ × × × ધ × પ ×

(કર્તાની નોંધ—૧ ["કિસ્સે સંજાણ" નામની ચોપડી જે ભાઇજી હોશંગ તે. અંકલેસરીયાએ+પ્રગટ કરી છે, તે ઉપરથી, ઉપજાવી આ અહેવાલ આપવા અરજ સાથ રજા લઉ છું] આ અહેવાલ લખતી વખતે. કર્તા ચાહે છે કે, તેમને કોઇપણ તકરારી બાબદમાં પડવું નથી. એની ત્વારીખ બાબદ જેબી કોઇ વિરૂધ્તા ધરાવતું હોય, તેમાં એક યા બીજી પક્ષ માટે, માનજ રહેશે–પણ જેબી હોંશથી લખવા ધાર્યું છે, તે એજ ઇચ્છામાં સમાય છે, કે "સંજાણમાં પણ પારસી, ધાર્મીક જુસ્સો ધરાવતાં દીનદાર પારસીઓની સરજત હતી. ત્યાં એકવાર, વડવાઓ હતાં, તેઓએ ત્યાં પણ ધર્મ ખાતેર જહેમત અને ઝંઝાલી ભોગવી, **આતષ પવિત્ર બુલંદ આતષને** બળતો રાખ્યો હતો, તેજ સમય માટે, એક સાદી એબારત જાળવવાની હોંશ ખાતેર, આ કામ આરંભ્યું છે–અભ્યાસીઓ વચ્ચે હમેશ તકરાર તો ચાલવાનીજ અને ચાલશે, પણ તેઓ વચ્ચે, ચાલતી તકરારમાં તકરારી ગહ્વરેરો, કેટલીવાર નીચે ગબડી પડે છે, તેટલાંજ ઉંચકી લઇ. આ અદના કલમ, અહન કરે છે, અને શાન્તિ એટલીજ માને છે, કે "સંજાણમાં પણ કાંઈ સરજત હતી, જે સાથે પારસી જરથોસ્તીઓને લાગે છે, અને તેટલાંજ માટે, કાંઇ સેવા કરવી એમ ભાન થવું જોઇએ !)

દીનને લગતી દરેક ભલી યાદી સાચવવાની જરૂર, અને તે ઉપર સિધ્ધ વફાદારીથી દ્રષ્ટિ રાખવાની દાઝ, એ ખરેજ અગત્યની વાત છે. તે માટે, આપણે બે શબ્દો સંગીતમાં સાચવશું.

"દીન માટે દીનદારોની દાઝ." ભિમપલાસ. તાલ ત્રીતાલ.

ઓ દીનદારો—ઉમંગ લાવો—ઉમંગ સાથે—દીન ચાહવો=ઓ
"**સંજાણ**" ની **સરજત** જાણો—! **સરજત** જાણી સેવા ગાવો=ઓ
હસ્તી ત્યાં, કા રે આવી ! જાણી ગાવો—તેના ભાવો=ઓ
વડીલો, ત્યાં વસ્યાં કાંય? તે જાણીને હર્ષિત થાવો=ઓ

ઓ × દી ન	દા × રો ×	ઉ × મં ગ	લા × વો ×
<u>ની ની</u> સા મં	મં × મં ગં	ગ મં પ મં	ગં રે સા ×
ઉ × ગં ગ	સા × થે ×	દી × × ન	ચા હ વો ×
<u>નીં</u> × સા મં	ગં રે સા ×	ગં મ પ મં	ગ રે સા ×

અંતરો.

સં × જા ×	ણ × ની ×	સ ર જ ત	<u>જા × ણો ×</u>
પ × પ ×	મં પ ગં મં	પ પ નીં નીં	સા × સા ×

સ ર <u>જ ત</u>   <u>જા × ણી</u> ×   સે × વા ×   ગા × વો ×
પ નીં સા ગં   ર × સા નીં   ધ પ પ મં   ગં રે સા ×

(સમજ-નોંધ-૨ સંજાણમાં પારસી ટોલો શા માટે આવ્યો, વસ્યો, અને રહયો, તે જાણવાથી, તેની કીર્તિ તપાસવાથી, આપણને, પણ દિલમાં ખુસી ઉપજવી જોઇએ, કે ત્યાં આપણા પ્યારા બાપ દાદાઓ, વસ્યા હતા. અને મુસતકીમપણે, માજ્દીયસ્નની દીનના આતશને બળતો રાખ્યો હતો.)

(એક નેક અષો નરથી મેળવેલું સંજાણનુ, દાસતાન તથા ઇરાનની યાદી મેળવનાર—બહમન ખોરશેદ સંજાણા.)

"મોનાજાત—"

હતો એક મર્દ—ત્યાં નેકીએ પુર—હતી નેક બખ્તી, હતું નેક નુર.
અવસ્થાજ વાણીઓ મુખ ભરે—ધર્મી કલામો, તે સૌને ધરે.
ચુસ્ત તે હતો ખુદ દીનપર તમામ—ધરમનેજ સાચવવો. એ તેનું કામ.
નસીહત બીન સ્વાર્થે તે ધરે—સલાહ બી દેવા કયાં કયાં ફરે.
તે સત મુખે કીધું બ્યાન—"કીસ્સે—એ—સંજાણ—" તેનુંજ નામ—
પામ્યો ખરે રે—કિસ્સો તમામ—(**બહેસ્તેજ ખુશનુદ રહેજો તે નામ.**)
ગુસતાસ્પના વખ્તની યાદ કઇ—બની છે, બનીનેજ આગળ ગઈ.
દીનને જરાથુસ્ત્રા લાવ્યો તે વખ્ત—કહ્યુ કે "આવે કદિ બદબખ્ત."
તેમજ, થયો ને ગયો રે સીતમ—દીન પર આવ્યો સીતમ સાથ ગમ.
પેદા સીકનદર થયો તો ખરે—"**ઇરાનીઓ**" તે હુકમે મરે—
કતલ ત્યાં ચાલી રહી, રાત દીન—બરબાદ કીધી રે, "**ઇરાની દીન.**"
કાપી નખાવ્યા—હઝારો હઝાર—કેવાં "**ભલી દીનના નર નાર!**"
દીન સાથ ધર્મ કીતાબો બળી—"**બળી ગઈ છે રે** ગુણવંત કળી."
બળી ખાખ થઇ, રે ભારી નિશાણ—"**ધરમનું હતું ત્યાં નુર આલીશાન.**"
રવડે રે બાળક, પિતા, દેશ દેશ—**કીધો ધરમને બચાવવાજ પેશ—**
"માતાઓ" લોહીથી ખરડાઇ ધસે—રખે તે "**ધરમ બાળ**" નાબુદ થશે.
"**બાળક સમા, ધર્મ હૈડે ધરી**"—**બચાવી લીધો કરારી ધરી.**
(બચાવો તમે ઓ અરે દીનદાર—**રાહબર હતો, તેનો જરથુસ્ત્ર યાર!**)

(નોંધ-૩-શીકન્દરના દૌરથી, જ્યારે ઇરાન વતનનો નાશ થવા માંડયો, ઘરે ઘરે, જરથોસ્તી જીંદગીને મારી નાખવામાં આવી, ત્યારે નર અને નારીઓ તરેહવાર રંજ, હાદેસા, અને વિપત ખમીને, કયાં કયાં જઇ, પાહાડ અને છુપી જગ્યામાં આસરો લેવા લાગ્યાં. **ધર્મ** અને **ધર્મને,** પોતાના વ્હાલાં બચ્ચાંઓ કરતાં વધુ અને વધુ જોરો, હૈડે ધરી, તેને બચાવવાજ, પોતાના જીવને બચાવવા યત્ન કીધો. દુન્યાના તખ્તા પર આદમી જનમ્યુ, તે તો નાશ પામવાનું છે, પણ જે અખંડ પ્રિતે જાળવવાનું છે, તે ધર્મ અને **ધર્મની સાંકળ છે.** ધર્મનું જેમ જેમ જુનૂં, તેમ તેની ખુબીઓ દીન પર દીન વધો અને સદીએ, પ્રગટ થઇ પ્રકાશ થઇ પ્રકાશ થતી જાય છે, આજે હાલના જમાનામાં રસાયનની, શોધખોળથી જે અજવાળુ પડયું જાય છે, તેની મહત્વની ફીલસુફીમાં, **જરથોસ્તી ધર્મની સાદાઇમાં, કેવી ઉંચી શ્રેષ્ટાઇ સમાયલી છે,** તે પ્રકાશ હેતી ખુબી સર્વને રોશન છે, એટલીજ ખુબીમાં સઘળી ખુબી સમાઇ જાય છે, જેઓ પોતાની સામે આવતી ચીજો અને બાબદમાં કાઇ ખુબી જોવું જોતા નથી, તે માટે, તેઓને શું કહેવુ એ આ કલમ જાણતી નથી, પણ નીચલી કાઇ બીટીઓથી સ્મરન થશે.

માંડ-ઝબતાલ.

શંકા "કાજે" સજેલી—સુજે ન શ્રષ્ટિ તુને રસિલી=
દિપતી ખુબીપે-દરબાર ફરતાં-રાખે આંખ વિંચેલી=સુજે
રતી રજમાં સ્મરન જડશે-કંકરે કીર્તિ દએલી=સુજે
બુડી બાને-ભુલતો ફરશે-બુધ્ધિ રાખે છુપેલી=સુજે
સાગરનો ના અમલ ટરશે-રોહ જોઇ છાતી ફુજેલી=સુજે

શં ×	કા × ×	કા ×	જે × સ	જે ×	લી × ×	સુ ×	જે × ન
૨ મં	મં × ×	પ ×	ધ × પ	સા ×	સા × ×	ધ ×	મં × પ
સૃ ×	ષ્ટિ × ×	તુ ×	ને × ર	સિ ×	લી × ×	× ×	× × ×
ધ ×	પ × મં	ગ ×	૨ × સા	ગ ૨	સા × ×	સા ×	સા × ×
દિ ×	તી × ×	ખુ ×	બી × એ	દ ર	બા × ર	ફ ર	તાં × ×
ધ પ	સા × ×	સા ×	સા × સા	૨ ૨	૨ × સા	૨ ૨	સા × ×
રા ×	ખે × ×	આં ×	ખો × વિં	ચે ×	લી × ×	સુ ×	જે × ન
ધ ×	ધ × ધ	ધ ×	ધ × પ	ધ સા	સા × ×	ધ ×	મં × પ

(નોંધ–૪–"શંકા" જગતમાં જન્મથીજ છે, જ્યાં સુધી સરજતમાં શંકા છે ત્યાં સુધી પાસે પડેલી વસ્તુમાં, કાંઇ માલ છે, એમ તે મન માનવાનુ નથી. તરેહવાર ખુબીઓ, જગતપર બિછાવી છે. તે જોઇ આનંદ ન થાય, તો, તે 'મને' પોતાની ભિતરની આંખો બંધ રાખી છે, ત્યારે વસ્તુઓનો, ખુબીઓથી ઉપજતો આનંદ તેને કેમ મળી શકે? રજકણમાં શોધખોળ કરશો, તો અમુલ્ય ખજાના જેવો ઉપદેશ મેળવશો, અને નહી તો, તે નકામુંજ લાગશે. વહેતા પાણીમા, જ્યારે મધુરા અવાજો નિકળતાં કેટલાંક માનશે, પાહાડોમાં, આલીશાન નિશાણ પિછાણશે, ત્યારે બીજાઓ તે માંહેથી ધુળ જેવું મૂળ પણ નથીજ માનવાના–કારણ કે ક્વી જ્યાં સુધી ખિલીને આગળ વધતી નથી, ત્યાં સુધી ઉરવાન પણ મંદ રહેશે)—પણ, દુશમનથી ડરી ન જતાં શુરવીર બહાદુરોએ, પોતાના લોહીના છેલ્લાં ટીપાં સુધી, લડીને દુશમનને અજબ સ્વાદ ચખાડયો હતો, પણ ગમે એવું બળ હોય, પણ તે સામે જ્યારે એકથી દસ કરતાં વધુ આવે, તો બળમાં કળ રહે નહી, તેમ ઘણાકો બરબાદ થઇ ગયા, (એવા હજારો નર અને નારીઓ; કે જેઓએ બાપ દાદાથી મળેલો ધર્મ સાચવવા જીવ, જીવનગારો આપ્યો, તેઓના રૂહ પર હજરો હજરો દુવો અને આફ્રીન હોજો અને સ્વર્ગમાં શાદમાન રહેજો!)

ગરબી ત્રીતાલ.

આજ કહાણી કહુ સંજાણની—કુલ પારસીઓના ભાગ્યની
ત્યાં હાણી વિપત જોઇ ઘણી,

ત્યાં ખમ્યાં કેવાં દુખ ભાર—ત્યાં, થયા નર ને નારી હાર
માર્યા, મરતાં શત્રુ માર—'કાળે' કર્યા બહુ લાચાર=

ત્યાં લડયા વીર પારસી બળવાન
ઇરાન રગનુ રાખી માન—હતું 'દીનનુ હૈડે ધ્યાન

ડગ્યા નહિ પળ જરી—પણ હૈડે હિમ્મત પુર ભરી
શસ્ત્ર લીધા હાથ ધરી—ધસ્યાં રનમાં મુંખ કરી,

લડયાં શત્રુ બાથો બાથ–હિમ્મતનેત દિલવાળી ગાંઠ
ધસ્યાં અંગ પર બિડી દાંત—

પણ 'કાળે' દીધુ જુદું દામ—ઘટયું સંખ્યાનુબી હામ
બખત, સાથે બન્યું સ્યામ—કીર્તિએ સાચવ્યું નામ!–

રે ×
સા ની

ઠાહા × ણિ ક	હુ × સં ×	ના × × ણ	ની × રે ×
સા × ગં ગં	ગં × ગં ×	ર સા ર ની	સા × સા ની
			કુ લ
			સા ની
પા × ર સી	ઓ × ના ×	ભા × × ગ્ય	ની × ત્યાં ×
સા ગં × ગં	ગં × ગં ર	સા સા ર ની	સા × સા ની
હા × ણી ×	વિ × પ ત	જો × હા ધ	ણી × ત્યા ×
સા ગં ગં ×	ગં મં ગં ર	સા × ર ની	સા × સા ×
ખ મ્યા × ×	કે × વા ×	દુ × ખ ભા	× ર ત્યાં ×
ર મં મં મં	મં × મં ×	પ × પ પ	પ × પ ×
થ × યા ×	ન ર ને ×	ના × રે ×	દા × × ર
પ ધ ધ સો	સા × સા નીં	નીં × નીં ધ	પ × × ×
મા × ર્યા ×	મ ર તા ×	શ × ત્રુ ×	બા × × ર
નીં × નીં ×	નીં નીં નીં ×	ધ × ધ ×	પ × × ×
કા × ળે ×	ક ર્યા × ×	બ હુ લા ×	ચા ર રે × =
મં × મં ગ	ર સા ર ગ	ગ ર સા ×	સા ×

'કાળ' સદા કાળ એક સરખો રહયો નથી. આખરે સીકનદરનો પણ અંત આવ્યો. અને વીખેરાઈ ગયલી, જરથોસ્તી કળી-પાછી સાથે મળી. **"અરદાયે વિરાફ"** સાથ, અરદેશર બાબેગાન, અને શાપુર જેવા, ફરી, ફોલાદી તન અને મનનાં સરદારો જન્મ પામ્યા, અને દીનને સંજીવન કરી, પોતાના બદનો પર અજાયબ કસ કરી દેખાડી, ધર્મ તરફની યકીનદારી સાબેત કરી, અને આખેર દીનને જાગૃત કરી, જે, યજદેજરદની પાદશાહી સુધી કાયમ રહી અને હજી સુધી કાયમ છે, અને રહેશે—

(સોરઠ) ઝીંઝોટી—ત્રીતાલ.

પ્રકાશિત દીન રે જાગી—પ્રકાશિત—દીન ધરમની ઝેન મલી અરદાય વિરાફથી=
અરદેશર બાબેગાન—સાથે મળે શાપુર, જાણ
જેમ ઉદયે, છળકે પ્રાણ દીન ધરમની અગનથી=

પ્ર
મં

કા × શિ ત	દી × × ન	રે × જા ×	ગી × × પ્ર
ગ ર સા સા	ર ગ ર ગ	મં પ ધ મં	ગ ર × મં
કા × શિ ત	દી × ન ધ	ર મ ની ×	ઝે × × ન
ગ ર સા સા	સા × ની ની	ની ની ની ×	સા સા સા સા
આ × પી ×	અ ર દા ય	વિ × રા ×	દે × × પ્ર
સા × સા ×	સા ર ર ×	સા × સા ×	સા નીં ધ મં
અ ર દે ×	સ × × ર	બા × એ ×	ગા × × ન
મં મં મં ×	પ પ ની ની	સા × સા સા	સા × સા સા
સા × થે ×	મ × ગે ×	સા × પુ ર	જા ણુ તે ×
સા નીં ની ની	સા × સા સા	સા ર સા નીં	ધ પ ધ મ
જો × મ ઉ	દ × ચે ×	છ ળ કે ×	પ્રા × × ણ
ર ર મં મં	પ × પ ×	ધ સા ધ ×	પ × મં મં
દી × ન ધ	ર મ ની ×	અ × ગ ન	થી × × પ્ર
ની × ની ની	સા સા સા સા	સા ર સા નીં	ધ પ × મં

જગમાં ચઢતી અને પડતી સદા ચાલુ છે. તેમ તે "સુખનો સુર્ય," ફાછો ઢંકાયો, અને નવેસરથી નવો માર પડયો—દુશમનનું પાછુ જોર વધ્યું, અને જરથોસ્તી ઝુન્ડા પર આહોજારી આવી પોહોંચી. આ વેળા એક દીનદાર દીનચુસ્ત, પણ નજુમ જાણનાર પરેજગાર મરદથી સલાહ મળી, કે સિતારાની ચાલ એવી છે કે, આ ઇરાન ભુમી પર વધુ વાર રહેવું સજાવર નથી. ઇરાનથી હવે હિંદ ભુમી ઉપર આપણી સરજત સર થવાનો વખત આવ્યો છે. (**જ્યારે સરજતે, ઈરાનથી હયાં મોકલાવ્યા,** તો, **યાદ રાખજો બીરાડરો, નર** અને **નારીઓ,** કે એવો પણ **પાદશાહ આ ધરતિ, યાને ગેતિ** ઉપર પેદા થશે, કે જે **ગ્નાની પાદશાહ,** સઘળી વહી ગયેલી **તવારીખ વાંચી, લાયકને લાયક** જગ્યાં આપવા પણતૈયાર રહેશે. યાને તે વખતના **પારસી બચ્ચાંઓ** પોતાના **બાપિકા વતનમાં** જવા ભાગ્યશાળી નિવડશે. એમ પણ **સરજત કાં** ન કરે? કરશેજ! કરશેજ!)

"ભલા પરેજગાર દીનદાર નજુમીની સલાહ."

જ્યારે પારકી દીનવાલાઓ, આપણા ઉપર આવી જાતનો સીતમ

ગુજારે છે, ત્યારે વાજબી છે, કે ઇરાન વ્હાલા વતનથી, ગમે એવી પણ નાખુશીએ આપણુને ચાલી જવુ સજાવાર છે, આપણી જીંદગી છે, તો, આપણો ધર્મ સાચવશું. માટે દીનને સાચવવાજ, કોઇ બીજા મુલકના પાદશાહ આગળ જઇશું, જ્યાં આપણો ધર્મ જે "**જગનો એ મૂલ્ય ખજાનો**" આપણે મેળવ્યો છે, યા આપણુને મળ્યો છે, તે પવિત્રાઇથી સાચવીશું.

જોનપૂરી—તાલ ત્રીતાલ.

"**સરજત**" આગળ શીષ નમાવો! પ્રેમી વતન છોડી જાવો=
અહુરાનો જે હુકમ, આ છે હીંદે જઇ દીન બચાવો=
ક્ષણુ ભંગુર આ—ગેતિ છે રે સુજ રાખી "કાળ" ટકાવો=

સ ર જ ત	આ × ગ ળ	શી × ષ ન	મા × વો ×
રે મં પ સા	ધં નીં ધં પ	મં પ ધં પ	રે ગં રે સા
પ્રે × મી ×	વ × ત ન	છો × × ડી	જા × વો ×
સા ધં × ×	પ નીં ધં પ	મં પ ધં પ	રે ગં રે સા

અંતરો.

અ હુ રા ×	નો × જે ×	હુ × ક મ	આ × છે ×
મં × પ પ	ધં × સા સા	ર ગં ર સા	ની સા ધં પ
હીં × × ×	દે × જ ઇ	દી × ન બ	ચા હ વો ×
પ ગં ર સા	ર સા ધં પ	મં પ ધં પ	રે ગં રે સા

(નોંધ—પ—જ્યારે હાદેસા અને દુખ સામે આવે, તે વેળા, તેની સાથે, પણુ એક દુશમન આવ્યો હોય, અને ઘણો બળવાન હોય, એમ સમજી સમયને સંભાળવો, એ ઘણુંજ અગત્યનું છે, જેન આપણા "દાના પાની" ઇરાનમાંથી જવાના છે, તો ભલુ છે કે બાકી રહેલાં, માજદીયસ્નાન, પોતાનો જાન બચાવી, બીજા દેશમાં **"પોતાના ધર્મનો પવિત્ર અને બુલદ આતષ પરથાવવા કોશેશ કરે!)**

ઉપલી નસીહતથી તે પરેજગાર મર્દના વિચાર પ્રમાણે વર્તિ સઘળાં બાકી રહેલાં ત્યાંથી નિકળી ચાલ્યા. ચાહવું કીરતારનુ, કે, તેઓને **દીવના** બંદરની નિશાણુ મળી. હયાં તેઓએ ઉતારો લીધો. પણુ વસવાટ કરતાં માલુમ પડયુ કે, ત્યાં તેમના ધર્મને, સારી રીતે પાળવા તક મળી શકે તેમ ન હતું. આખેર ત્યાંથી પણુ બીજી બાજુએ ઉઠાંગરી કરવા કસદ કર્યો. તેમ કરતાં, તેઓએ ગુજરાત તરફ પોતાના વહાણો હંકાર્યાં. પણુ દરીયો અશાંત હોવાથી ભારે તુફાણુ નડયું. "**પડતી પર, પાચ વધુ**

દુખ" એવો મામલો થઇ રહયો. કઇક આફતો પડી, કઇક જાનો બરબાદ થયા, જે વેળા બચેલાઓએ, સાથે મલી **પાક દાદાર અહુરમઝદાની બંદગી અને આજીજી કરી,** બાકી રહેલાંઓના જાન બચી જાય, એવી પ્રાર્થના મારફતે અરજ ગુજારી. તેઓની ખરા મનની બંદગી ખરેજ ફળી, અને શાંન્ત સિમા નજરે પડી. માલમ પડયુ કે "જાદેરાના" નામના રાજાની બાપે ધરી હંકલ તેઓ આવી પુગ્યા છે. શોધ ખોલ કરતાં—માલમ પડયુ કે રાજા "નેક, ભલો, અને માયાળુ હતો"—ત્યાં તેઓ ગયા, અને ધર્મ માટે આસરો માગ્યો—તેઓના **કદ અને પેશાની** જોઇ, રાજાને દહેશત થઇ, કે રખે તેનું રાજ, આવા બળવાન વીરલાઓથી જતું રહે, તેથી રાજાએ **તેઓથી પાંચ શરત કીધી.** પહેલી શરત એ, કે **ધર્મ ક્રિયાનું બ્યાન કરો**—બીજી શરત, તમારી **ઇરાની ભાષા છોડી** દઇ, અમારી ભાષા શિખો. ત્રીજો કરાર, એ કે **તમારી ઓરત લોકનો પહેરવેશ અમારા માફક રાખો.** ચોથો કરાર એ કે **હથિઆર છોડી દેવાં,** પાંચમો કરા, એ છે જે, તમારી **શાહાદીની પવિત્ર ક્રિયા, રાત્રે કરવી.**

ઉપલી હકીકત સાંભળી લીધી, અને વિચાર કરી, તે રાજાને જવાબ વાળ્યો.

"જાદેરાણા આગળ યકીનનો એકરાર." મુના જાત.

મુબારક રહે રાજ, ને તુંજ તાજ—મુબારક દોલત ને રહે સાજ.
અમે તો અરે ગરદીશો ખમી—આજે ઉભાં રે તમોને નમી—
ભલી દીન મ્હારી, યકીન વળી—સરજતે, કષ્ટિ તો, આવી મળી.
અમારો ખુદા પાક અહુરાજ છે—તે પર અમારો **ખરો હક છે.**
ખુરશેદ ને ચાંદ તારા ખરે—અમારાં બધાંઓ નમને ભરે.
"આતષ" બુલંદ છે, દીન નિશાણ—તેના નમને અમારૂજ માન.
"ઓલાદ" અમારી જમશેદથી—તેના **કબીલાને વંશ પદથી**—
દીનને ધરમને બચાવવા થકી—રાખી ત્હારી મદદની વકી.
અમારો મહજબ ચલાવવાજ છે—આફ્રાન કરશું **હર** હર જગે.
છોડયુ **દીન કાજ "પ્યારૂં વતન"—દીન ટાળવાને** કરી રંજ તન.
છોડયાં અરે રે માલો મલાલ—**દીનના તરીકાને** કીધો હલાલ.
દીનમાંજ ટેક અને જોમ છે—અમારા રગમાં **"વનંત હોમ"** છે—
ન કરશું કદી બેવફાઈ તુંસે—**અમારા યકીનને કદી ન રૂચે.**
ત્હારા, હુંકમનેજ આપીશું માન—**દીનને બચાવવા પટેકીશું જાન.**
"જાન અને દહે" આખરે જશે—ધર્મની કીર્તિ કદી ન જશે.
આખેર જશે આ તંન સાથ પ્રાણ—દીનનેજ સાચવવા છે અરમાન.

રહેશું રવડશું રઝળશું અરે—"જાન, દાનકાજ દમરે ભરે"—૧૦
યકીન જો નથી તો " છે જાનશું "—**દાન વિના રે હું કોણુ નમુ?"**
યકીન અમારૂ જો દીનપર—રાખીશું યકીન ત્હારી ઉપર.

આ યકીન અને ધર્મ જાનફેસાનીના સોનેરી સખુનોથી, તે ભલા અને નેક રાજા ઉપર ઘણીજ ભલી અને અને રૂડી અસર થઇ. (જે નાયેબ, ઉપલા શબ્દો બોલ્યો હતો, તે ખરાજ છે. અને સદા કાળ રહેશે. પારસી ધર્મ, તેમાંજ ખુબી પિછાણે છે, કે જેમાં ધર્મ પાળી, પોતાના ગમે એવી જાતના પાદશાહને વફાદાર રહે છે—**"ગોયા રાજ તરફની વફાદારી. (એ જાણે જરથોસ્તી ધર્મની ચાવીજ છે.")**

"જાદેરાણાનો હૈડાનો હોંશ." (અરજનો જવાબ.) શાકો.

ધન્ય ત્હારી દીન—પર—ધન્ય ત્હારૂ સતપણુ
સત્ય ત્હારી ચાલ હાલે—ખુશી મુજનું મન
રે વીર—માનુ ત્હારી વાતો—છે રૂડી તુંજ રીત ભાતો.
યકીન તુંજની માત છે—"અહુરા" ત્હારો દાતા
ધર્મ તુંજનો તાત છે—કીર્તિ રહો ગાતાં!
પ્રેમી પારસી કોમનો કાંઠો—રહે જગ સદા મળકાતો!

ધ × ન્ય ×	ત્હા × રી ×	દી × × ન	પ × × ર
ધં × ધં ×	ધં × ધં ×	પ × પ ×	પ નીં નીં નીં
ધ × ન્ય ×	ત્હા × રૂ ×	સ ત પ ણુ	× × × ×
ધં × ધં ×	પ × મં ×	પ પ પ ×	પ × × ×
સ × ત્ય ×	ત્હા × રી ×	ચા × લ ×	હા × લે ×
મં × મં ×	મં × મં ×	રં મં મં ×	પ × પ ×
ખુ × શી ×	મુ જ નુ ×	મ × × ન	રે × વિ ર
ધં × ધં ×	પ પ મં ×	પ મં ગ ×	રં × સા સા
મા × નુ ×	ત્હા × રી ×	વા × તો ×	× × છે ×
રં મં મં ×	પ × પ ×	ધં × પ ×	મં ગ રં સા
રૂ × ડી ×	તુ જ રી ત	ભા × તો ×	× × × ×
પ × પ મં	ગ ગ રં સા	મં ગ રં સા	સા × × ×

ઉપલાં ભલાં શબ્દો રૂપ ભાવ, પારસી પ્રિત માટે ઉચાર્યા, અને તેઓના યકીન ઉપર પુર ઈતબાર રાખી તેઓને વસવાટ માટે જગ્યા આપી. જે જગ્યા, તેઓને મલી, તે ઉપર ઇરાનથી ધર્મ લઇ આવેલા સઘળાં જરથોસ્તીઓ

તન મનથી, તે જગ્યાને ખિલવવા મંડી ગયા. અને થોડાજ વખતમાં, તે જગ્યાને, કે જે વેરાન જેવી હતી, તેને ખિલવી અને ધીકતી કીધી. આ પ્રમાણે, જગ્યાની ખિલવણી થવાથી, ત્યાનાં લોકના ધંધામાં પણ સારો ફેરફાર થયો, અને પારસીઓની, ઉદ્યોગી, ખંતીલી, અને રાસ્તી વલણથી, રાજા તથા તેમની રૈયતની પ્રીતિ વધી. આ જગ્યા માટે કાંઇ વર્ણન કરીયે—તો નિચે પ્રમાણેનો કંઇક સાર મળે.

દેશ—ઝીંઝોટી—તાલ દાદરો.

જંગલ જંગલ, ખેડી,—કીધો રે રંગ ત્યાં
ખંત જતને રંજ લઇ—કીધો (રૂડો) સંગ ત્યાં=જંગલ.
ધીરે ધીરે કષ્ટ લઇ—વસ્યું નગર ફળવંત
રંગ હોંશ, ભારી હર્ષ—વાગા નાદ ચંગે=જંગલ.
વા વીંઝ, વને જ્યાં—ત્યાં થાય સુખ વાસ
પારસી કોમ વસી—ગાએ ગીત રંગના=જંગલ.

જંગલ જંગલ ખે×× ડી×ને કી×× ધો ×× ર×ગ ત્યાં××
સાસાની રસાસા પધપ મંગમં રગર સાનીસા રેમંગ રે××
ખં×ત જતન ર×જ લ×ઇ કી×× ધો ×× સં×ગ રે××
ગં×મં પનીની સા×સા સા×× ની×× સા×× સારસા નીંપ×

અંતરો.

ધી×× રે×× કસષ્ટ લ×ઇ વસે× નગર ફ×ળ વં×ત
રે×× મં×મં પ×પ પ×× પપ× પપધ મંધપ મ×મં
રૂ×× મં×ગ હો×શ હ×ર્પ વા×ગે ના×દ ચં×ગ ના××
મં×× પનીની સા×સા સા×× સા×ની સા×સા સારસા નીંપ×

જ્યારે, તેઓએ પોતાની ખંતથી, તે જગ્યાને ફળવંત બનાવી કે, પાછો તેઓની **રગોમાં, બળવત આતષ પરથાવવાનો જોશ, હોંશ સાથ ઉભરી આવ્યો,** અને તે માટે ફરી એક વખત, જાદેરાણા પાસે અરજ ગુઝારી કે, તેઓને, આતષબેહેરામ પરથાવવા માટે, જગ્યા મળે, તે જગ્યા એવી હોવી જોઇએ, કે તેની આસપાસ ત્રણ ફરસંગની હદમાં, પારસી કોમવાળા આવી ન શકે.

"આતષબેહેરામ માટે ઉમંગ." મુના જાત.

અમારી અરે શાહ એવી અરજ—થોડી જમીનની છે અમને ગરજ
હઝારો ત્હારા થશ અહેશાન—કાયમ રહે તું જ પ્યારી નિશાણ.

અમોને સુખીને ખુશી કીધાં—અમારા સુખ કાજ શ્રમો લીધા—૮૦
હવે જે ઇરાદો ધાર્યો અમે—"આતષ પર થવાને" અમને ગમે
"સંજાણ ભુમીએ આતષઅહેરામ"—કરવા ફરજ છે, એ "**પ્યારૂ કામ.**"
આપ તું નેક, તે પરવાનગી—માનીશું "**હેત અને અહેશાનથી.**"
નથી ચેન, ને સુખ આતષ વગર—નહી, તે વિના રહે "**પારસી નગર.**"
આતષ અમારૂ **ધરમ નુર છે**—તેથી અમારૂ "**બળ પુર છે.**"—૯૦
"**હઝારો ખુબીનો" ભરેલો, નુર**—તેમાંજ "**જીવ"ને તેમાંજ "શુર.**"
આશ, તે મેળવવા, છે ભરપુર—રહેશે, જગ્યા ત્રણ ફરસંગ દુર.
આવે, ન પર કોમવાલા, તે પાસ—એવી **અમારી ખરી 'દિલઆસ.'**

જ્યારે પારસીઓ સાથે મળી, આ અરજ રાજાને કરવા ગયા, ત્યારે પવિત્ર આતશ તરફના "**અનહદ યકીન**" ભાવની ઉંડી પ્રિતિ જોઇ, રાજા ઘણોજ મગન થયો, અને તેઓની "**પ્યારી ખાહેશ**" મુજબ તેઓના "**પવિત્ર પ્યારા આતષ**" માટે જગ્યા કરી આપી-તે જગ્યા મળતાંજ, પારસીઓ ઘણુંજ ઉમંગ, હિત, અને પ્રિત સાથ તે કામ, યાને **પવિત્ર આતષ બેહરામ** બનાવવાના સુભ અને ધાર્મીક કામ ઉપર મંડી ગયા અને "**પાક માજદીયસ્નની મહજબની મોટાઈ**, માહાનતા **સાબેત કરનારો પવિત્રબુલંદ આતષ** તૈયાર કરી, તે માટે જાનફેસાની કરવા લાગ્યા.

"**બુલંદ આતષ માટે યાદી**" માંડ ત્રીતાલ.

નમ **આતષ ને દીનદાર**—પ્યારા આતશને દીનદાર
તેજ કરશે પાર—તુંજ હોંશ ને ઉદગાર—નમ
પ્રેમ ભાવે આતષ—બળતો રાખે રાત દીન
ચાહો **નેક નુર**—દે સુખ અપાર—નમ તું
"**આતષ દીન**" છે—એ તુંજ **યકીન**
ખુબી જે ગાય નિત—"જાય **અહુરદવાર**"—નમ તું
ચિત્ત પ્રિત, એ પર દે—એ છે તુંજનો "**જાન**"
માન, એમા "નુર" છે—"**અહુરનો અપાર**"—નમ તું

ન મ
સા ×

આ × ત ષ	ને × દી ન	દા × ર ×	પ્યા × રા ×
ની રે સા ની	ધ × ધ નીં	પ ધ પ મં	ગ મં પ ધ

આ × ત પ	ને × દી ન	દા × × ×	× ર ન મ
પ × પ મં	ગ સા રે ગ	સા × × ×	સા × સા ×
તે × × જ	ક ર શે ×	પા × × ×	× ર તુ જ
મં × × મં	પ પ ધ પ	સા × × ની	ધ ધ પ મ
હોં × × સ	ને × ડિ દ	ગા × × ×	× ર ન મ
પ મં ગ સા	સા × રે ગ	સા × × ×	સા × સા ×

અંતરો.

પ્રે × × મ	ભા × વે ×	આ × × ×	ત × પ ×
ગ × × ગ	પ × ધ પ	સા × × ×	સા × સા ×
બ ળ તો ×	રા × ખે ×	રા × × ત	દી × ન ×
ધ ધ ધ ×	સા × ર ×	સા ર ર સા	ધ × પ ×
ચા × × ×	હો × તે ×	ને × × ક	નુ × × ર
સા × × ર	ગ × ગ મં	ર ગ ગ ર	સા × × સા
દે × × ×	સુ × ખ અ	પા × × ર	ન મ તુ ×
સા × સા સા	સા × સા ની	ધ × × પ	ગ મં પ ધ

(નોધ-૫-(જેમ આતપને આપણે નમીએ છીયે, તે ઉપર ખુશબો બાળી તમન ધરીયે છીયે. અને તે માંહેથી સુગંધ નિકળે છે, તેમજ તે પવિત્ર આતપની જાળવણી કરવા સાથ, આપણે **પોતાનો આતષ** યાને **આત્માં,** કે જેને ખિલવવાથીં **અમ્મર સુખ** મેળવવાનુ છે, તે માંહેથી પણ સારો સુગંધ નિકળશેજ, કે જ્યારે આપણે દુન્યવી મોજ અને લોભથી રહીત રહી, અહુરાને ગમતાં કાર્યો કરીશું. ગમે એવાં બાહારના વિચારો હોય, તેમાં તુંને સુખ આપનારો, યા દુખ આપનારો તત્વ હોય, પણ, તે નકામો છે, કારણ કે બાહારની વાતાવરણ, ગમે તેવી હોય, છતાં ત્હારા ભિતરના ભલા અને નેક વિચારના આધાર ઉપરજ, ત્હારૂ સુખ, અને દુખ છે. ગમે એવી આફત સામે લડવાને, જે ઉત્તમમાં ઉત્તમ આપણી પાસ સાધણ છે, તે **"ધીરજ અને ચુપકીદી"** છે. એથીજ સઘળું સારૂં થશે,–અને, એ સઘળુ મેળવી આપનારૂ, એકલું સાધણ, તે પવિત્ર આતષની પવિત્ર પરસતીશ છે.)

આતષ તરફનો આત્મિક જુસ્સો, ખરેજ, તને શુ ફળ આપશે તે ત્યાંરેજ જાણશે, કે તેવી જાન ફેસાની તું તે તરફ બતલાવે ! આતષ તરફનો ભક્તિ ભાવ, શુ ફળ આપતો હશે, તે ત્યાંરેજ માનશે, કે એક ચિત્તે **પવિત્ર મને,** તેને તું નમી જોય ? આતષ તરફ તમારૂ, એક ચિત્ત

ધરે, અને તપાશે, એ ભલા નરનારો, કે ત્યાંથી અનહદ રોશની નિકળતો, જોશ, તમારા હોંશમાં વધારો કરે છે કે નહી!

એ તેની **મહાનતા!** તેની **આળાશાન!** તેની **રજાલમાહેથી** નિકળતી **હઝારો મલાલ!** આપણા જીગરને **હોંશ** આપી, આપણા બદનને કેવો રૂડો, કેવો ઉંચો ખ્યાલ આપે છે. ત્યારે અને ત્યારેજ, વગર પુછ્યે આપણુ **સર તે ઉપર નિસાર થાય છે.** કોઇ અનદીઠ પ્રવાહ તેવાં ખ્યાલ સમેત, **આપણા રગોમાં વહી,** જોશ આપતી હોય, તેમ પાક ખ્યાલ ઉત્પન કરે છે. અને તેની પરસતીશ કરી અહુરાની યાદ થતાં, દિલમાં **સુરખી,** ખુશી, **તેજ અને તાકાત, વધે છે.** ખુશાલી રાજ કરતી હોય, તેમ ભાસે છે. પછી ભલે તે **પળ માત્રની** પણ હોય!

"યકીન માટે ઇશારો"

ગઝલ—તાલ તીવરો–

એ દીનદારો સોચો—યકીન દીન કમી કાં!
થયુ દીન ધરમે—માન ઉતસાહ કમી કાં!=એ
જ્યાં જોશોરે રોતાં—નર-નાર-ગમીમાં
પેઠાં દુખ વિપતા—એ આફત જમી કાં?=એ
ગયું જે **વતન આજ**—રે **સરજન** નમી કાં?
રે દાવર-તું લે દાદ—મ્હારે સીર ભમી કાં!=એ
એ દીનદાર-એ વ્હાલા—ઉઠો હોંશમાં આવો?
ચાહાવો દિનને જોશે—સૌ સંકટ સમી જત?=એ

તાલ ત્રીવો.

એ ×	દી ન	દા × ×	રો ×	સો ×	ચો × ×
સા ×	સા સા	સા × ×	સા ની	સા ની	ધ × ×
ય ×	કી ન	દી × ન	ક ×	મી ×	કાં × ×
પ ધ	પ મં	ગ ર સા	ર સ	ગ ર	સા × ×
થ ×	યુ ×	દી × ન	ધ ×	ર ×	મે × ×
ર મં	મં મં	પ ધ પ	ધ પ	સા ની	ધ × પ
મા ન	ઉ ત	સા × હ	ક ×	મી ×	કાં × ×
ધ ×	પ મં	ગ ર ગ	ર સા	ગ ર	સા × ×
જ્યાં ×	જો ×	સો × ×	રે ×	રો ×	તાં × ×
સા ×	સા ×	ર × ×	ર સા	ગ ર	સા × ×

ન ×	ર ×	ના × ર	ગ ×	મી ×	માં × ×
ધ ×	ધ ×	સા ર ર	ર સા	ગ ર	સા × ×
પે ×	ઠા ×	દુ × ખ	વી ×	પ ×	તો × ×
સા ×	સા ×	સા × સા	સા ની	સા ની	ધ × ×
એ ×	આ ×	ફ × ત	જ ×	મી ×	કાં × ×
ધ ×	પ મં	ગ ર ગ	ર સા	ગ ર	સા × ×

(નોધ–૬–હવે એ "કિસ્સે–એ સંજાણ" લખનારના મનમાં દીન માટે કાંઇ તુરંગ આવ્યા હોય, અને "મનન" કીધુ હોય, કે દીન મા, એ સુસ્તી કાં આવી હશે? કાં દીનના માણસો વેર વીખેર થયાં હશે! કાં આસ્તે આસ્તે, ત્યાંના પાર્શી રીવાજો ઉપર, શંકા આવી હશે? આસ્થા કમી થતી ચાલી કાં? એ માટે યકીન સાથ, કાંઇ મનના ખ્યાલ દોરાવ્યા હોય).

"ધર્મ ઉપર શીદાગીરી માટે અગત."

આજ દીયસ્ત દીનની, એકવારની જગ વ્યાપક મોતેબરીની, જોસ ફરી જોવી હોય, તો તેનો પહેલો પાયો, **મહજબ ઉપર મુસ્તકોમ ઈતબાર આપવો જોઇએ–તે** ઉપર પ્રિતની રૂડી નજરથી મનન કરવું જોઇએ. ધર્મના ઉપર આસ્થા, અને તેની જાળવનીજતે **દીનના પ્રકાશત જોમને** પાછુ **સંજીવન કરશેજ!** તે માટે ખ્યાલ કરવાનો છે, કે તે દીન કેમ આવી, કોણથી આવી? દરેક દરેક, દીનચૂસ્ત પારસી જરથોસ્તી જાણે છે, માને છે, કે તે સઘળુ તૈયાર કરનાર "**પ્યારો વ્હાલો જ્ઞાની, માહાજ્ઞાનીઓના ગુરૂ પાકસ્પિતામા જરથુસ્ત્ર હતો, છે, અને તેજ, યાંને તેના ભણતરોજ હજી જગમાં ઉંચ મતિ પ્રચાર કરશેજ.**

પહાડી ઝીંઝોટી–દાદરો.

દીન કદિ સુન કરો ના!
દીન નહી સુન કરો––ધર્મ ઝેન ધુન ધરો,
તેના તમ ગુણ ધરો––રોજ ચિત્તમાં–દીન
લાવનાર કોણ, "જાન," રે
લાવનાર કોણ, જાણુ,–હતો "**રે દિલજાન**"
જરથુસ્ત્ર સ્પિતમાન—રાખો હિતમા–––**દીન**

દી × ન કદી × સુ × ન કરો × ના × × × × ×
પ × × પ ગ × પ × પ ગ રે × ગ × × [illegible] × ×
દી × ન નહી × સુ × ન કરો × ધ × ર્મ જે × ન ધુ × ન ધરો ×
પ × પ ગ રે × ગ પ પ ગ રે × ગ × પ ગ રે × સા × સા સા રે સા

તે × × ના× × ગુ × ણુ ધ રો × રો × જ હી × ત માં × × × ×
ધ × × સા રે × ગ × રે સાસા × ધ × ધ સા × રે ગ × × પ × ગ
× × × × × ×
ગ × રે સા × ×

જો દીનનાં કાનુન, અને તરીકાને જાળવવો હોય, તો ગમે એવાં સંકટો નિર્મુળ છે—આપણુ તંન, અને "જાન" તે જાળવવાથી નિરોગી, અને ગુણીલું બને છે. આપણી રૂવષી ખિલતી જાય છે, આપણુ રવાન, આસુદગી અને અર્મંગી પામે છે—તે ઉપરાંત તેના રૂડા વિચાર, વાણી, અને કાર્યોથી ઉત્તમ ખુરેહ, યાને અનદીઠાં ધ્વજ્જે પેદા કરે છે. જેથી બીજાને પણ સુખ આપે છે. એ માટે દીનના કલામોની હદમાંજ ચાલવાથી પોતાથી મેળે, ધીમે ધીમે ન જણાયલા ખ્યાલો, ન જણાયલા વિચારો મનમાં જોશ સાથ ધાઇ આવે છે—એક ગુરૂના કામમાં, જે જોવાનું સમાયલું છે, તે પ્રથમ, તેના ઉપર પવિત્ર આસ્થા હોવી જોઇએ! પ્રથમથીજ આંખ વીંચી, તે પર વગર આસ્થાથી જોવાથી, ખુબીવંતા તત્વો કદી મળતા નથી. એક કામ કરવાથી જે ઉત્તમતાઈ એકને મળે છે, તે બીજાંને કાં નથી મલતી? કારણ કે, તેના હૃદયના ધપકારા, તે ખુબીવંતા કામો તરફ **એકતાર** થતા નથી. માટે દીન અને ધરમનાં કાનુન પ્રમાણે ચાલી, તે પ્રમાણે વર્તવાની કોષેશ ચાલુ રાખો કે **ઉજાશ તમારો છે.**

"દીનને જાળવનાર માટે સખુન." મુનાજાત.

ગમે હોય આફત, ગમે હોય દુખ, ચાહો અરે દીન માતેજ ભુખ.
દીની કલામો લીપેરોજ મુખ—ગમે હોય ઝંઝટ માનેજ સુખ—૧૦૦
દીને ભરેલો છે **"ગુપ્ત ઝર."**—સોંચીને તારીને હૈડે તું ધર!
છે શાન કેવી, ને કેવું મુળ—દીનનાં કલામો ખરેખર એ મુળ
જે કોઇ દીન સદા કાળ ચાહે—તેને મદદ પાક **અહુરાજ થાય.**
પુરાણી અતી દીન—ખ્યાલોએ પુર—ભાવ સાથ ભકિતએ આવેછ તુર.
એ સુખ આપે, તમો તનને—આસુદ રાખે ખરે મનને-૧૧૦
ભજ્જે દીન રાહ એ સજાવર છે—**અહુરા તમારો તો દાવર છે.**

જેઓ દીન સાચવે, તેઓને માટે બધું સાચવવુ સહેલ છે. જો દીન ન સાચવે તે માટે, તેઓને કહેનાર **"એકલો અવાજ તે હૈડાનો છે."** એમ સંજાણમાં, ઘણાક વર્ષો, પારસીઓએ ચઢતી અને પડતીમાં કાઢયાં હશે, તે માહેથી ધીમે ધીમે જેમ જેને ફાવ્યું, તેમ આસપાસનાં મુલકો, અને ગામડાંમાં એક યા અનેક પ્રસંગના વચ્ચે આવવાથી તેમ ગયાં—કોઇ

ભરૂચ, નવસારી, સુરત, ખંભાત, વગેરે ગામડાંઓમાં જઈ વસ્યા–તેમજ ખુદ સંજાણમાં, પણ કેટલાકો, આવ્યા ત્યારથી ઘણીક સદીઓ સુધી રહયાં હતા. જેઓમાં એક દસ્તુર **નામે ખુશમત અને તેમનો દિકરો ખોજસ્તે પણ હતા,** તે બાપબેટા ઘણાંજ ફાજેલ અને પરેજગાર હતા. ધર્મ દીનને, ઘણીજ સાચવી અને બીજાને સાચવવા સોંચ કરી હતી. પણ ફરી ઘણીક સદીએ, બરગસ્તે નિશાણનાં વાદળાં, પાછાં ચઢવા લાગ્યાં–સંજાણનના નાના પણ સુખવાસ ધામ માટે, પડોસનો રાજયપતિ કે જેને સંજાણ મેલવવાનું મને ધાઇ આવ્યું તે મેળવવા ખાહેશ રાખનાર શાહ, તે **"મહમદ"** નામનો મુસલમીન હતો. તે શાહને તેની રૈયત, **એક ખોદાની શાન સમજતા હતા,** અને તે રાજાના બોલ ઉપર જીવ કુરબાન હકતા હતા.

ફરજ છે પ્રજાની, કે રાજને હિત દે!
પોતાને બાજુ ધરી, તેના હુકમે ચિત્ત દે?
"રાજ મુગટની" આસમાં—પ્રજા વિશ્વાસ છે
"રાજયના સુખમાંજ, પ્રજાનોજ સ્વાસ છે"!

રૈયતની આવી ચાહથી, તે રાજાને, સંજાણ પોતાના રાજ્ય સાથ જોડી દેવા કેમ ન ભાવે? તે શાહનો **બનાજખાન** નામનો વઝીર હતો. તેને શાહથી મસલત કરી સરદાર અલેફખાંહને તૈયારી કરવા કહી, કે **"સંજાણ પર ફોજ મોકલવી."** લડાઇની મૌજ સામસામી ચાખવી. ચખાવવી, અને રાજયના ભાર અને બૌજમાં વધારો કરવો. શાન્તિનાં સમયમાં, દુખનો દાવ, પેચપર પેચ લેવા ખેંચા ખેંચ કરવા લાગ્યો. નચિંત બેઠેલાઓને ચિંતાએ, ચામ ઉપર ડામ. પાડી, બદનામ કરવા માંડયું, સગનના સરળ સરોવર પર, ગગનનાં ઘેરાયલાં ગાંઢના ગુચવાડાં ચઢવા માંડયાં, યાને લડાઇ જાગી. **લડાઇ ખરેખર બળા અને આફતની જયાફત છે, પણશુરવીર બહાદરો, હિંમ્મતવાન તેમજ રાજયના હિતદારોની દેશ ભતિ, અને શ્રેષ્ટ શક્તિ આંકનારૂ સાધાણ છે.**

"લડાઇનું **નગારૂં."** કાહાન્ડો—ત્રીતાલ

ભયાનક આવી ચઢી જંગ
